જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૮/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૫૧ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૦૯,૬૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૧૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૧૧/૨૦૨૬**

નિકોલઃ રવિ સ/ઓ કિરીટકુમાર પંચાલ (રહે. શાહી કુટીર બંગ્લોઝ મલબાર હિલ્સ સામે સુર્યમ ફલોરાની પાસે એમ.જી.રોડ નિકોલ) એ તા.૩૦/૦૮/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૨૬ રાતના ૦૮/૦૦ થી તા.૨૬/૦૮/૨૦૨૬ કલાક ૦૪/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ કઠવાડા જી.આઈ.ડી.સી રોડ નંબર–૬ પ્લોટ નંબર–૧૨૨ ખાતે તુલશી ઈન્ડસ્ટ્રીઝ નામની ફેકટરીનું લોખંડનું શટર તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ફેકટરીના ઓફિસના લોક તોડી લોખંડની તિજોરી તથા ગોદરેજ કંપનીના લોકર ચોરી કરી લઈ ગઈ છે. જેમાં રોકડ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

નોકર ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૧૨/૨૦૨૬**

શાહીબાગઃ હિતેષ સ/ઓ નેમીચંદ ચોપડા (ઉ.વ.૪૭) (રહે. નવીનચંદ્ર પાર્ક સોસાયાટી વિઠ્ઠલનગર ચાર રસ્તા પાસે શાહીબાગ) એ તા.૩૦/૦૮/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હિતેષ ચોપડા નાઓના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા જયંતિલાલ ઉર્ફે કમલેશ (મુળ વતન. મહાજન, ડેચુ, શેરગઢ, જોધપુર, રાજસ્થાન) તા.૨૯/૦૮/૨૦૨૬ સવારના ૧૧/૩૦ થી બપોરના ૦૩/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાનમાં હિતેષ ચોપડાના ઘરમાં કબાટના ડ્રોઅરનું લોક તોડી ચાવી કાઢી લોખંડની તિજોરીમાંથી સોનાના દાગીના ૩૬ તોલા ૨ ગ્રામ કિમત રૂપિયા ૧૪,૪૮,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૮,૪૮,૦૦૦/– મતાની ચોરી કરી લઈ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.ડી.રહેવર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૨૧૩/૨૦૨૬**

રિવરફ્રંટ ઈસ્ટઃ અરવિંદભાઈ દેવજીભાઈ ભટોળ (રહે. નક્ષત્ર સ્કાય વ્યુ નાના ચીલોડા) એ રિવરફ્રંટ ઈસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૮/૨૦૨૬ કલાક ૦૭/૩૦ થી કલાક ૦૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કોતરપુર ગામ પાસે સાબરમતી નદીના પટમાંથી જનરેટર મશીન (ટ્રોલી સાથે) કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ હરજીવનભાઈ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૧૪/૨૦૨૬**

શાહીબાગઃ જસવંતભાઈ આત્મારામભાઈ પરમાર (ઉ.વ.૬૬) (જીનીંગ મીલની ચાલી બાબુપુરા પુર્ણીમા સોસાયટીની બાજુમાં અસારવા) તા.૧૭/૦૮/૨૦૨૬ રાતના ૦૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચુલા ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૮/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાબુભાઈ મરતાજી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૧૫/૨૦૨૬**

એલિસબ્રિજઃ એલિસબ્રિજ પિનાકિન હોટેલ પાસે આશ્રય પી.જી. ખાતે રહેતા શિતલબહેન ડો/ઓ ભીમજીભાઈ મોકરીયા (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ–ટૂકડા (ગોસા) તા,જી–પોરબંદર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૬ રાતના ૦૯/૧૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલિસબ્રિજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.પી.પટેલ ચલાવે છે.

વાસણાઃ વાસણા ભાઠા ગામ શહેરી ગરીબ આવાસ યોજના ખાતે રહેતા જગાભાઈ માલાભાઈ મારવાડી નાઓના સગીર વયના પુત્રએ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૬ રાતના ૦૮/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશકુમાર ગોરાભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી